Criminal Case No.606/2023
**Judgment**

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૪/૦૩/૨૦૨૩ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૪/૦૩/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**સાણંદના મહે. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, તા.સાણંદ, જી.અમદાવાદ.**

**કેસ નં.૬૦૬/૨૦૨૩**
**આંકઃ-51**

**(F.I.R. ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)**
**સાણંદ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૧૯૨૦૫૦૩૦૦૩૦/૨૦૨૩.**
**ગુનોઃ-ઈ.પી.કો.ની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૬ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબ.**
**પોલીસ સ્ટેશનઃ સાણંદ, તા.સાણંદ, જી.અમદાવાદ (ગ્રામ્ય)**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર.** |
| **વિ.મ.સ.વ. મારફતે** | **વિદ્વાન એ.પી.પી.શ્રી એન.આર.રાણા.** |
| **આરોપી** | **(૧) રાહુલ ભુપતજી ઉર્ફે ભોપાભાઇ ઠાકોર,**<br>**(૨) ભુપતજી ઉર્ફે ભોપાભાઇ બાબુજી ઉર્ફે બાબુભાઇ ઠાકોર,**<br>બન્ને રહે. ભાટીયાવાસ, તા.સાણંદ, જી.અમદાવાદ.<br>**(૩) રવિ ભુપતજી ઉર્ફે ભોપાભાઇ ઠાકોર,**<br>રહે.ભાટીયાવાસ, સાણંદ, તા.સાણંદ, જી.અમદાવાદ.<br>**(૪) દશરથભાઈ ઉર્ફે દશલો મેલાજી ઠાકોર,**<br>રહે.લીમડાવાળીવાસ, ભાટીયાવાસ, તા.સાણંદ, જી.અમદાવાદ.<br>**(૫) અફજલ આલમભાઇ મોમીન,**<br>રહે.સી-૮, હરીઓમ સોસાયટી, સાણંદ, જી.અમદાવાદ. |
| **આરોપી તર્ફે** | **વિ.વકીલ શ્રી એમ.કે.મીર.** |

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટઃ</u>**

| **અનુ. નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧. | ૩૭ | વિક્રમસિંહ ભાવુભા મસાણીની સોગંદ પરની જુબાની. | ફરીયાદી |
| ૨. | ૩૯ | રાજદિપસિંહ વિક્રમસિંહ મસાણીની સોગંદ પરની જુબાની. | સાહેદ |
| ૩. | ૪૦ | લીલાબા ભાવભા મસાણીની સોગંદ પરની જુબાની. | સાહેદ |

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોઃ**

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૩૮ | અસલ ફરીયાદ. |
| ૨. | ૪૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૩. | ૪૨ | સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| ૪. | ૪૩ | કપડા કબજે કર્યા અંગેનું પંચનામું. |
| ૫. | ૪૪ | હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું. |
| ૬. | ૪૫ | રાજદિપસિંહનું ઈજા અંગેનું સર્ટીફીકેટ. |
| ૭. | ૪૬ | લીલાબાનું ઈજાનું સર્ટીફીકેટ. |
| ૮. | ૪૭ તથા ૪૯ | એફ.એસ.એલ. પત્ર. |
| ૯. | ૪૮ | શરીર સ્થિતી તથા હથિયાર રીકવરીનું પંચનામું. |

## J U D G M E N T

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૫/૦૧/૨૦૨૩ ના કલાક ૧૬/૦૦ વાગે મોજે સાણંદ જાનીવાસ, ભાટીયાવાસ ખાતે આ કામના ફરીયાદી તથા સાહેદ પોતાના ઘર આગળ આંગણામાં ફળીયામાં બેઠા હતા તે વખતે આરોપી નં.૧ તથા ૩ નાઓ તેઓના મકાનના ધાબા ઉપર ધીંગામસ્તી કરી જોરજોરથી બુમબરાડા પાડતા હોય અને ગાળો બોલતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપી નં.૧ તથા ૩ નુ ઉપરાણુ લઈ આરોપી નં.૨,૪,૫ નાઓ એકસંપ થઇ પોતાના હાથમાં હથિયારો લઈ આવી ફરીયાદી તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો બોલી બોલાચાલી ઝઘડો કરી આરોપી નં.ર નાઓએ પોતાના હાથમાંની છરી આ કામના ફરીયાદીને મારી ડાબા હાથે આંગળી ઉપર ઈજા કરી તથા આરોપી નં.૩ નાઓએ પોતાના હાથમાંની છરી આ કામના સાહેદ રાજદિપસિંહને મારી બોચીના ભાગે તથા બાવડાના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં.૧ નાઓએ પોતાના હાથમાંની છરી સાહેદ લીલાબાને મારી માથાના પાછળના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં.૫ નાઓએ સાહેદ રાજદિપસિંહને ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઇજાઓ કરી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે.અધિ.જિ.મેજી.સા. અમદાવાદનાઓ ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, **ઈ.પી.કો. કલમઃ- ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯,**

**૩૨૩, ૩૨૪, ૩૨૬ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુના અંગેની ફરીયાદ ફરીયાદીએ સાણંદ પો.સ્ટે. માં આપેલી જે ફરીયાદ ગુ.ર. નં.૧૧૧૯૨૦૫ ૦૨૩૦૦૩૦/૨૦૨૩ થી ગુનો નોંધાયેલો અને તપાસના અંતે ત.ક.અમલદારે ચાર્જશીટ કરેલુ અને ક્રિમીનલ કેસ નં.૬૦૬/૨૦૨૩ થી આરોપી સામે કેસ ચલાવવા માટે રાખવામાં આવેલો.

(૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપીઓ સામેના આક્ષેપીત ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ તેમના વકીલશ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતાં, તેઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આંક–૦૫ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવેલ છે અને આરોપીઓની આંક–૦૬ થી આંક–૦૯ સુધીની પ્લી નોંધતાં, તેઓએ તેમની સામેનો આક્ષેપીત ગુન્હાનો ઈન્કાર કરેલ હતો, જેથી આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૭૩ મુજબ આરોપીઓની હાજરીમાં ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોકત જણાવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લીધા.

(૪) ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી નાઓ આંક–૫૦ થી પુરાવા બંધની કલોજીંગ પુરસીસ આપેલ છે જે આધારે તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોય ફરીયાદપક્ષના પુરાવાનો હક્ક બંધ કરેલ છે. તેમજ, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવુ જરૂરી જણાતા તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

## <u>દલીલોઃ–</u>

(૫) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપીપક્ષ તર્ફે વિ.વકીલ શ્રી નાઓની રજુઆતોને ધ્યાને લીધી.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| ક્રમ | મુદ્દાઓ | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા.૧૫/૦૧/૨૦૨૩ ના કલાક ૧૬/૦૦ વાગે મોજે સાણંદ જાનીવાસ, ભાટીયાવાસ ખાતે આ કામના ફરીયાદી તથા સાહેદ પોતાના ઘર આગળ આંગણામાં ફળીયામાં બેઠા હતા તે વખતે આરોપી નં.૧ તથા ૩ નાઓ તેઓના મકાનના ધાબા ઉપર ધીંગામસ્તી કરી જોરજોરથી બુમબરાડા પાડતા હોય અને ગાળો બોલતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપી નં.૧ તથા ૩ નુ ઉપરાણુ લઈ આરોપી નં.૨,૪,૫ નાઓ એકસંપ થઈ પોતાના હાથમાં હથિયારો લઈ આવી ફરીયાદી તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો બોલી બોલાચાલી ઝઘડો કરી આરોપી નં.૨ નાઓએ પોતાના હાથમાંની છરી આ કામના ફરીયાદીને મારી ડાબા હાથે આંગળી ઉપર ઈજા કરી તથા આરોપી નં.૩ નાઓએ પોતાના હાથમાંની છરી આ કામના સાહેદ રાજદિપસિંહને મારી બોચીના ભાગે તથા બાવડાના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં.૧ નાઓએ પોતાના હાથમાંની છરી સાહેદ લીલાબાને મારી માથાના પાછળના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં.૫ નાઓએ સાહેદ રાજદિપસિંહને ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઈજાઓ કરી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે.અધિ.જિ.મેજી.સા. અમદાવાદનાઓ ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો. કલમઃ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૬ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ? | નકારમાં |
| ૨. | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

(૭) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

## // કારણો //

**મુદ્દા નં.૧–**

(૮) ફરિયાદપક્ષ તર્ફે આંક–૩૭ થી ફરીયાદી વિક્રમસિંહ ભાવુભા મસાણી નાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં, તા. ૧૫/૧/૨૦૨૩ ના રોજ સાંજના પાંચેક વાગે તેઓ તથા તેમના ધરના સભ્યો ફળીયામાં બેઠા હતા ત્યારે ભાટીયાવાસમાં રહેતા રાહુલભાઈ ભોપાભાઈ, તથા તેમના કુટુંબીઓ ફળીયામાં જોર જોરથી અવાજ કરતાં તેમજ બુમબરાડા પાડતા હતા જેથી તેઓએ તેમને બુમબરાડા પાડવાની ના પાડતાં તેઓ ઉશ્કરાઈ ગયેલા અને તેમના તથા તેઓના કુટુંબીઓ સાથે બોલાચાલી કરવા લાગેલા, જેમા તેઓની સામાન્ય ઝપાઝપી થયેલી, આ સીવાય બીજું કશું બનેલ નહી, તેઓને તેમના દીકરા રાજદીપસીંહ અને તેમની માતા લીલાબાને કોઈએ કોઈ વસ્તુથી ઈજા કરેલ હોય તેવું બનેલ નથી, બનાવની ફરીયાદ તેઓએ સાણંદ પોલીસ સ્ટેશને આપેલી, ફરીયાદની ઝેરોક્ષ નકલ તેઓને બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૩૮ આપવામાં આવેલ છે. તેઓને ધરમેળે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે અને હવે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ જણાવેલ છે.

(૮.૧) આમ, સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતાં ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી નાઓએ ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમછતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો કોઇ પુરાવો આપેલ નથી. તેમજ, સદર ફરીયાદીએ આરોપીપક્ષ તર્ફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે અને કેસ તેઓને આગળ ચલાવવો નથી અને બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હોય કોણ શું બોલેલ તે તેમને ખબર નથી અને બનાવમાં તેઓએ કોઈના હાથમાં કોઇ હથિયાર જોયેલા નથી અને બનાવમાં પડી જવાથી ધક્કામુક્કી થવાથી તેઓને વાગેલુ અને તેઓને કોઇએ કોઇ હથિયારથી મારેલા નથી.

(૯) ફરિયાદપક્ષ તર્ફે આંક–૩૯ થી સાહેદ રાજદિપસિંહ વિક્રમસિંહ મસાણી નાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં, તા.૧૫/૧/૨૦૨૩ ના રોજ સાંજના પાંચેક વાગે તેઓ તથા તેમના ધરના સભ્યો ફળીયામાં બેઠા હતા ત્યારે ભાટીયાવાસમાં રહેતા રાહુલભાઈ ભોપાભાઈ, તથા તેમના કુટુંબીઓ ફળીયામાં જોર જોરથી અવાજ કરતાં તેમજ બુમબરાડા પાડતા હતા જેથી તેમના પિતા તેઓને બુમબરાડા પાડવાની ના પાડતાં તેઓ ઉશ્કરાઈ ગયેલા અને તેમના તથા તેમના કુટુંબીઓ સાથે બોલાચાલી કરવા લાગેલા, જેમા તેઓને સામાન્ય ઝપાઝપી થયેલી, આ સીવાય બીજું કશું બનેલ નહી, તેઓને તથા તેમના પિતા અને તેમના દાદી લીલાબાને કોઈએ કોઈ વસ્તુથી ઈજા કરેલ હોય તેવું બનેલ નથી, બનાવની ફરીયાદ તેમના પિતાશ્રીએ સાણંદ પોલીસ સ્ટેશને આપેલી. આ બનાવ બાબતે પોલીસે તેઓનું નીવેદન લીધેલુ. તેઓને ધરમેળે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે અને હવે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ જણાવેલ છે.

(૯.૧) આમ, સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતાં ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી નાઓએ ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમછતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો કોઇ પુરાવો આપેલ નથી. તેમજ, સદર સાહેદે આરોપીપક્ષ તર્ફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે અને કેસ તેઓને આગળ ચલાવવો નથી અને બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હોય કોણ શું બોલેલ તે તેમને ખબર નથી અને બનાવમાં તેઓએ કોઇના હાથમાં કોઇ હથિયાર જોયેલા નથી અને બનાવમાં પડી જવાથી ધક્કામુક્કી થવાથી તેઓને વાગેલુ અને તેઓને કોઇએ કોઇ હથિયારથી મારેલા નથી.

(૧૦) ફરિયાદપક્ષ તર્ફે આંક–૪૦ થી સાહેદ લીલાબા ભાવભા મસાણી નાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં, તા. ૧૫/૧/૨૦૨૩ ના રોજ સાંજના પાંચેક વાગે તેઓ તથા તેમના ધરના સભ્યો ફળીયામાં બેઠા હતા ત્યારે ભાટીયાવાસમાં રહેતા રાહુલભાઈ ભોપાભાઈ, તથા તેમના કુટુંબીઓ ફળીયામાં જોર જોરથી અવાજ કરતાં તેમજ બુમબરાડા પાડતા હતા

જેથી તેમના દીકરા વિક્રમે તેઓને બુમબરાડા પાડવાની ના પાડતાં તેઓ ઉશ્કરાઈ ગયેલા અને તેમના તથા તેઓના કુટુંબીઓ સાથે બોલાચાલી કરવા લાગેલા, જેમા તેઓની સામાન્ય ઝપાઝપી થયેલી, આ સીવાય બીજું કશું બનેલ નહી, તેમને તથા તેમના દીકરા વીક્રમ અને તેમના પોત્ર રાજદીપને કોઈએ કોઈ વસ્તુથી ઈજા કરેલ હોય તેવું બનેલ નથી, બનાવની ફરીયાદ તેમના પુત્ર વીક્રમે સાણંદ પોલીસ સ્ટેશને આપેલી. આ બનાવ બાબતે પોલીસે તેઓનું નીવેદન લીધેલુ. તેઓનું ઘરમેળે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે અને હવે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ જણાવેલ છે.

**(૧૦.૧)** આમ, સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતાં ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી નાઓએ ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમછતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો કોઇ પુરાવો આપેલ નથી. તેમજ, સદર સાહેદે આરોપીપક્ષ તર્ફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે અને કેસ તેઓને આગળ ચલાવવો નથી અને બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હોય કોણ શું બોલેલ તે તેમને ખબર નથી અને બનાવમાં તેઓએ કોઇના હાથમાં કોઇ હથિયાર જોયેલા નથી અને બનાવમાં પડી જવાથી ધક્કામુક્કી થવાથી તેઓને વાગેલુ અને તેઓને કોઇએ કોઇ હથિયારથી મારેલા નથી.

## <u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>

**(૧૧)** ઉપરોક્ત તમામ સંજોગોમાં, રેકર્ડ પરની હકીકતો તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવે છે.

**(૧૧.૧)** હાલના કેસના મહત્વના સાહેદ ફરીયાદી વિક્રમસિંહ ભાવુભા મસાણી નાઓનો આંક–૩૭ થી તથા આંક–૩૯ થી તપાસેલ સાહેદ રાજદિપસિંહ વિક્રમસિંહ મસાણી તથા આંક–૪૦ થી તપાસેલ સાહેદ લીલાબા ભાવભા મસાણી નાઓનો રજુ પુરાવો જોઇએ તો, આ ત્રણેય સાહેદો એકજ કુટુંબના વ્યકિત છે અને તેઓએ જણાવેલ છે કે, તેઓ તેમના ફળીયામાં બેઠા હતા ત્યારે ત્યાં રહેતા રાહુલભાઇ ભોપાભાઇ તથા તેમના કુટુંબીઓ ફળીયામાં જોરજોરથી અવાજ કરતા હતા અને

બુમબરાડા પાડતા હતા જે અંગે તેઓએ ના પાડતા તેઓ ઉશ્કેરાઇ ગયેલા અને સામાન્ય ઝપાઝપી થયેલી તે સિવાય કંઇ બનેલ નથી તેવી હકીકત તેઓ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે.

**(૧૧.૨)** જ્યારે, ત્રણેય સાહેદો પોતાની ઉલટમાં, તેઓને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે અને કેસ તેઓને આગળ ચલાવવો નથી અને બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હોય કોણ શું બોલેલ તે તેમને ખબર નથી અને બનાવમાં તેઓએ કોઇના હાથમાં કોઇ હથિયાર જોયેલા નથી અને બનાવમાં પડી જવાથી ધક્કામુક્કી થવાથી તેઓને વાગેલુ અને તેઓને કોઇએ કોઇ હથિયારથી મારેલા નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે.

**(૧૧.૩)** આમ, ઉપરોક્ત તમામ ફરીયાદી તથા સાહેદોને વિ.એ.પી.પી.શ્રી નાઓએ ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરેલ પરંતુ, ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઇ જ પુરાવો તેઓએ આપેલ નથી. આથી, આ સાહેદોના પુરાવા પરથી આંક–૩૮ થી રજુ થયેલ ફરીયાદને સમર્થન મળતુ ન હોય, સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નથી.

**(૧૧.૪)** વધુમાં, બનાવ જોઇએ તો, સાંજના પાંચેક વાગે ફળીયામાં એટલે કે રહેણાંક વિસ્તારમાં બનેલ હતો તેમછતાં આ કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવા નોંધવામાં આવેલ નથી. તેમજ, આ કામે કોઇ પંચસાહેદોનો પણ પુરાવો નોંધાયેલ નથી. આથી, આ કામે આંક–૪૧, ૪૩, ૪૪ તથા આંક–૪૮ થી રજુ પંચનામાં પંચસાહેદોના પુરાવાના અભાવે નિશંકપણે પુરવાર થતાં નથી.

**(૧૧.૫)** વધુમાં, સદર કામે આંક–૪૫ તથા આંક–૪૬ થી રાજદિપસિંહ તથા લીલાબા નાઓને થયેલ ઇજા સર્ટીફીકેટો રજુ થયેલ છે જે પરથી તેઓને ઇજાઓ થયેલ હોય તેવુ સ્પષ્ટપણે જણાઇ આવે છે પરંતુ, તે ઇજા હાલના કેસના આરોપીઓએ જ કરેલ છે કે કેમ ? તેવી કોઇ જ હકીકત તેમના સોગંદ પરના પુરાવા પરથી જણાઇ આવતી નથી. જેથી માત્ર ઇજા સર્ટીફીકેટો રજુ થવાથી તે ઇજા હાલના કેસના આરોપીઓએ જ કરેલ છે કે કેમ ? તેવુ નિશંકપણે સાબિત થતુ નથી. આથી, આ કામે રજુ મેડીકલ સર્ટીફીકેટો ફરીયાદપક્ષ તર્ફે પુરવાર થતાં નથી.

**(૧૨)** આમ, ઉપરોકત રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતાં, તા.૧૫/૦૧/૨૦૨૩ ના કલાક ૧૬/૦૦ વાગે મોજે સાણંદ જાનીવાસ, ભાટીયાવાસ ખાતે આ કામના ફરીયાદી તથા સાહેદ પોતાના ઘર આગળ આંગણામાં ફળીયામાં બેઠા હતા તે વખતે આરોપી નં.૧ તથા ૩ નાઓ તેઓના મકાનના ધાબા ઉપર ધીંગામસ્તી કરી જોરજોરથી બુમબરાડા પાડતા હોય અને ગાળો બોલતા હોય જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપી નં.૧ તથા ૩ નુ ઉપરાણુ લઈ આરોપી નં.૨,૪,૫ નાઓ એકસંપ થઇ પોતાના હાથમાં હથિયારો લઇ આવી ફરીયાદી તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો બોલી બોલાચાલી ઝઘડો કરી આરોપી નં.૨ નાઓએ પોતાના હાથમાંની છરી આ કામના ફરીયાદીને મારી ડાબા હાથે આંગળી ઉપર ઈજા કરી તથા આરોપી નં.૩ નાઓએ પોતાના હાથમાંની છરી આ કામના સાહેદ રાજદિપસિંહને મારી બોચીના ભાગે તથા બાવડાના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં.૧ નાઓએ પોતાના હાથમાંની છરી સાહેદ લીલાબાને મારી માથાના પાછળના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં.૫ નાઓએ સાહેદ રાજદિપસિંહને ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઈજાઓ કરી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે.અધિ.જિ.મેજી.સા. અમદાવાદનાઓ ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો. કલમઃ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૬ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી, સદર કામે મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **<u>|| આખરી હુકમ ||</u>**

(૧) આ કામના આરોપી **(૧) રાહુલ ભુપતજી ઉર્ફે ભોપાભાઈ ઠાકોર, (૨) ભુપતજી ઉર્ફે ભોપાભાઈ બાબુજી ઉર્ફે બાબુભાઈ ઠાકોર,** બન્ને રહે. ભાટીયાવાસ, સાણંદ, તા.સાણંદ, જી.અમદાવાદ **(૩) રવિ ભુપતજી ઉર્ફે ભોપાભાઈ ઠાકોર,** રહે.ભાટીયાવાસ, સાણંદ, તા.સાણંદ, જી.અમદાવાદ **(૪) દશરથભાઈ ઉર્ફે દશલો મેલાજી ઠાકોર,** રહે.લીમડાવાળીવાસ, ભાટીયાવાસ, તા.સાણંદ, જી.અમદાવાદ **(૫) અફજલ આલમભાઈ મોમીન,** રહે.સી-૮, હરીઓમ સોસાયટી, સાણંદ,

જી.અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની- ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૬ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો નાઝરશ્રીને હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીઓના અગાઉના જાતમુચરકા તથા જામીનખત રદ્ધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયેની જોગવાઇ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે પીટીશન થયેથી જે તે અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતા દરેક આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર) પુરાના જાતમુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન આ અદાલતમાં રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૮ મી, માહે-મેં, સને-૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૮-૦૫-૨૦૨૬
સ્થળઃ-સાણંદ

**(આર.એસ.શાહ )**
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
તા.સાણંદ, જી.અમદાવાદ
કોડ નં. જી.જે.૦૦૯૪૧

R.D.Thakkar (P.S.)